**એમ.આર.અડિઓલ**
**આસી.પ્રોફેસર**
**ઈતિહાસ વિભાગ**
**એમ.એન.કોલેજ,વિસનગર**

## ગુજરાતનો સાંસ્કૃતિક વારસો "ધોળાવીરા"

*"ધોળાવીરા નગરની વિશાળતા, કિલ્લેબંધી, પ્રભાવશાળી નગરરચના,ઉત્કૃષ્ઠ સ્થાપત્ય વિકસિત જળપ્રબંધ આપણું ધ્યાન ખેંચે છે." - પુરાતત્વશાસ્ત્રી ડૉ.આર.એસ.બિષ્ટ (મિષ્ટ)*

ગુજરાતમાં હડપ્પીય સંસ્કૃતિના અવશેષો અમદાવાદ જિલ્લાના લીંબડી તાલુકામાં **(રંગપુર)** ખાતે સૌ પ્રથમ મળી આવ્યા. ઈ.સ. ૧૯૫૪ થી ૧૯૫૮ દરમ્યાન થયેલા ઉત્પનને પરિણામે અમદાવાદ જિલાના ધોળકા તાલુકાના સરગવાડા ગામે **લોથલ**નો આ ઉત્પન્ન ચાલુ રહેતાં. ઈ.સ.૧૯૬૭ -૬૮ માં કચ્છના **ધોળાવીરમાં આજ સંસ્કૃતિના અવશેષોનું વિસ્તરણ છે. તેવો સૌ પ્રથમ ખ્યાલ ડૉ. જગપતિ જોષીએ** આપ્યો. આ સ્થળને સ્થાનિક લોકો **કોટડા** તરીકે ઓળખે છે. આ સ્થળનું પધ્ધતિસરનું ઉત્પન્ન તો ઈ.સ.૧૯૯૦ માં શરૂ થયું.

ધોળાવીર આ ટીંબા પર ઉત્ખનન દ્વારા એક વિશાળ વિકસીત નગર પ્રકાશમાં આવ્યું. જે એ સયમાં અન્ય નગરો જેટલી જ સમુદ્ધિક ધરાવતું હતું. ઉત્તરમાં માનસર અને દક્ષિણમાં મનસ નામનાં બે ઝરણાની વચ્ચે આ કિલ્લેબંધ નગર વસેલું હતું. ધોળાવીરનો વિસ્તાર ૭૭૧ મીટર અને પહોળાઈ ૬૫૬.૮૦ મીટરની હતી. આ નગરના ત્રણ કિલ્લા છે એકો પોલીસ ટેકરા જેવા ભાગ પર કિલ્લેબંધી ઈમારતોના અવશેષો હતા.તેમાં એક સમગ્ર નગરને આવરી લેતો કિલ્લો, બીજા મધ્યનગરને ફરતો કિલ્લો તથા ત્રીજા રાજમહેલને ફરતે આવેલ કિલ્લો અને કલ ૧૪ દરવાજાઓ આવેલા છે. જયારે પાણીનો ટાંકો અને કુવો

જે કિલ્લાની દક્ષિણ -પ્રશ્ચિમે આવેલા છે. ધોળાવીરના આ ઉત્પન્નમાં સૌથી રસપ્રદ શોધ ત્યાંથી મળી આવેલા દશ શીલા લેખો છે. આ શીલાલેખો ખાસ કાપવામાં આવેલા પાસાદાર પથ્થરો પર કંડારાયેલા છે. તે સિંધુ લિપિમાં કોતરાયેલા છે. ધોળાવીરા આ અવશેષો ભારતમાં મળી આવેલા સૌથી મોટા કે પ્રાચીન અવશેષોના એક છે. (પ્રા.એસ.એમ.દેસાઈ)[1]

**ધોળાવીરા : (કચ્છ)**

ભૂજ (કચ્છ) થી લગભગ ૧૪૦૦ કિ.મી દૂર ભચાઉ તાલુકાના મોટા રણના ખદીરબેટના ધોળાવીર ગામથી બે કિ.મી દૂર આવેલું. હડપ્પીય સંસ્કૃતિનું સમકાલીન મોટું વ્યસ્થિત અને પ્રાચીન નગર મળી આવ્યું છે. ગુજરાત રાજય પુરાતત્વ વિભાગે પણ આ ટીંબાનું સર્વેક્ષણ કર્યું હતું. એ પછી આર્કિયોલોજિકલ સરવેના અધિકારીઓએ સંશોધન હાથ ધર્યું. ૧૯૯૦-૯૭ સુધીમાં શ્રી રવિન્દ્રસિંહ એસ. બ્રિસ્ત ના માર્ગદર્શન હેઠળ વિશેષ ઉત્પન્ન થયું છે.

ધોળાવીરાની આ વસાહત લગભગ ઉત્તર -દક્ષિણ ૬૦૦ મીટર અને પૂર્વ-પ્રશ્ચિમ ૭૭ મીટરના ઘેરાવામાં ફેલાયેલી છે.લગભગ ૧૨ મીટર ઉંચી દિવાલોવાળી કિલ્લેબંધી ધરાવતા આ નગરની રચના સિંધુ સંસ્કૃતિના અન્ય નગરો જેવી જ છે કિલ્લા, મહેલ તેમજ નગરની મુખ્ય દિવાલોને જે સફેદ રંગ કરવામાં આવ્યો હશે. તે હજુ આજે પણ ચમકે છે. નગરની કિલ્લે બંધીની મજબૂત સુરક્ષા વ્યવસ્થા છે. આ દિવાલ માટી, પથ્થર અને ઈંટોમાંથી બનાવેલ છે.[2] કિલ્લેબંધી પ્રભાવશાળી નગર રચના, ઉત્કૃષ્ટ સ્થાપત્ય વિકસિત જળપ્રબંધ આપણું ધ્યાન ખેંચે છે.હડપ્પીય સભ્યતાની લિપિના સૌથી મોટા અંશ અહીંથી મળ્યા છે. માધ્યમનો ઉપયોગ વહીવટી અધિકારીઓના આવાસ માટે થતો હતો. તેવું ડૉ.આર.એસ. બિસ્ટ નામના પુરાતવ વિદે શોધી કાઢયું. કિલ્લાની અંદર મુખ્ય ત્રણ વિભાગ આવેલા છે.જેમાં (૧) રાજમહેલ (૨) અન્ય અધિકારીઓના આવાસ ધરાવતું મધ્યનગર (૩) સામાન્ય નગરજનોના આવાસ ધરાવતું નીચલું

નગર. અહીંના લોકોએ મકાનો બનાવવા ઉપયોગમાં લીધેલ ઈંટોનું માપ ૩૮ બાય ૧૮ બાય ૯ સે.મી. છે. જે ૪:૨:૧ પ્રમાણમાં છે.

**(૧) રાજમહેલ :**

કિલ્લાની અંદર દક્ષિણ દિશામાં આ દુર્ગયુકત રાજમહેલ આવેલો છે. નગરના પ્રમુખ શાસકનું રહેઠાણ હોય તેમ લાગે છે. અહી સુરક્ષા વધુ પ્રબળ બનાવવા મધ્યનગરના દુર્ગની દિવાલ બનાવીને મહેલના દુર્ગ સાથે જોડી દેવામાં આવી છે. તેને ચાર મુખ્ય દરવાજા છે અને પથ્થરના સ્તંભોના ઉત્તમ કોતરણી છે. મહેલમાં પાણીનો હોજ (ટાંકુ) અને પાણી લઈ આવનાર ભૂગર્ભ - નાળું પણ છે. એટલું જ નહી પણ આ નાળામાં પાણીનો કચરો અન રેતી તળિયે બેસી જાય અને હોજમાં ચોખ્ખું પાણી આવે તેવી ગાળણ પધ્ધતિની વ્યવસ્થા પણ છે. અહીં મોટું સ્નાનાગર પણ છે. રમત-ગમત માટેનું મોટું મેદાન પણ હોય તેમ અવશેષો જોતાં જણાય છે.

**(૨) મધ્યનગર :**

દુર્ગયુકત મહેલની ઉત્તરે આ મધ્યનગર વસેલું છે. આ નગરને પણ ફરતે કિલ્લો છે. અને મહેલ તથા નીચેના વચ્ચે ખુલ્લી આવે એવી રચના કરવામાં આવી છે. અહીં મોટા મકાનો હતા, જેમાં પ્રાંગણ પરિસરીય રહેવાના ઓરડા અને બાથરૂમની વ્યવસ્થા હતી. પાણીના નિકાલની પણ અહી વ્યવસ્થા કરવામા આવી હતી.

**(૩) નીચલું નગર :**

મધ્યનગરની પૂર્વે આ નીચલું નગર વસેલું છે. આ નગર બહારના એક જ મુખ્ય દુર્ગથી રક્ષાયેલું હતું.અહીં બે મોટી શેરીઓ હતી, જોકે બીજી પણ પૂર્વ -પ્રશ્ચિમમાં અને ઉત્તર-દક્ષિણમાં હતી. અહીં કારીગરો અને શ્રમિકોનો વર્ગ વસ્તો હશે.અહી ઘરેણા બનાવવાની દુકાનોની મોટી હાર મળી છે જે સિધ્ધ કરે છે કે અહીં કારીગરોની વસ્તી હશે. જયારે અન્ય સ્થાપત્યકીય અવશેષોમાં મોટું સ્ટેડીયમ અને નાનું સ્ટેડીયમનો પણ સમાવેશ થાય છે.

⇨ **મોટું સ્ટેડિયમ:**

જે કિલ્લા અને મધ્યનગરની વચ્ચે આવેલું છે. આ પહોળું અને લાંબુ મેદાન જેમાં દર્શકોને બેસવાની સગવડ પણ છે. આ મોટા સ્ટેડિયમનુ માપ પૂર્વ-પ્રશ્ચિમ ૨૮૩ મીટર અને ઉત્તર -દક્ષિણ ૪૫ મીટર તથા ૪૭-૫૦ મીટર છે.

⇨ **નાનું સ્ટેડિયમ :**

જયારે બીજું નાનું સ્ટેડિયમ જે કિલ્લાના પૂર્વ દરવાજા નંબર-૨ અને ઉત્તર- પશ્ચિમ ખૂણાના વધારેલા ભાગમાં આવેલું છે. ધોળાવીરાનું સ્મશાન નગરના પ્રશ્ચિમ ભાગમાં આવેલું હતું. અહીંથી કુલ પાંચ દફતો મળી આવેલ છે જેમાં ફક્ત એક જ દફન હડપ્પીય પ્રકારનું છે.[૩] ખોદકામ દરમ્યાન મળી આવેલ વસાહત ઉપરથી જણાય છે કે તેના વેપાર - વાણિજયનું મોટું કેન્દ્ર હશે. પથ્થરમાં ભળેલા તાંબાને છુટું પાડવાની ભઠ્ઠી, હથિયાર બનાવવાના ઉપકરણો તેમજ ગુલાબી રંગનાં મોટા પ્રમાણમાં મળેલા વાસણો,શંખ તેમજ અન્ય ધાતુની બંગડીઓ વિભિન્ન પ્રકારનાં મોતી,મણકા, વીંટીઓ, સોનાના આભૂષણો પકવેલી માટીના દાંતિયાઓ વગેરે મળી આવ્યા છે. આ બધા નમૂના સાક્ષી પૂરે છે કે, અહીંના લોકો સુખીસંપન્ન હતા. સિંધુ સંસ્કૃતિમાંથી મળી આવતી ચિત્રલિપી જેવું લખાણ અહીંથી પણ મળે છે. થોડાક અક્ષરો જુદા પડે છે. આ લિપિ ઉકેલાય તો જ ખબર પડે કે શેનું લખાણ છે. આ લિપિ ઉકેલવાના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટીય સ્તરે અનેક પ્રયત્ન થયા છે, પરંતુ સર્વમાન્ય અને નિષ્પક્ષ બન્યા નથી. અહીં લગભગ ૬૦૦ વર્ષ સુધી હડપ્પીય વસવાટનું રહેઠાણ આ નગર હશે. એવું અનુમાન છે. કે કોઈ ચોક્કસ કુદરતી આફતને લીધે આ નગરનો નાશ થયો હશે. ધોળાવીરનો સમયગાળો ઈ.સ.પૂર્વે ૨૫૦૦ થી ઈ.સ.પૂર્વે ૧૯૦૦ સુધીનો નક્કી કરવામાં આવેલ છે. અહીથી હડપ્પાકાલ પછીની સંસ્કૃતિના અવશેષો પણ મળે છે. ધોળાવારીમાં હજુ પણ સંશોધનો ચાલુ છે. તેથી નિશ્ચિત અનુમાનો અને તારણો નીકળે પછી જ કશું ચોક્કસ કહી શકાશે. ભારત અને પાકિસ્તાનના ભાગલા પડયા પછી સિંધુ સંસ્કૃતિનું કે હડપ્પા સભ્યતાનું લોથલ પછીનું મળી આવેલું આ એકમાત્ર મોટું નગર છે.આ સંસ્કૃતિના અવશેષો ભૂજના સંગ્રહાલયમાં સચવાયેલા છે.

### ⇨ સિંધુતટની સંસ્કૃતિની આયોજનબદ્ધ શહેર ધોળાવીરાઃ

આખા ધોળાવીરામાં તળાવો કૂવા અને પાણીની ટાંકીઓ ઉપલબ્ધ હતી અને એથી જ પુરાતત્વવિદો માને છે કે પાંચ હજાર વર્ષો પહેલાનું ધોળાવીરા જાણે એક તળાવોની નગરી હશે.

પાંચ હજાર વર્ષો પહેલાં જ ભવ્ય નગરપ્રધાન સંસ્કૃતિ ભારતમાં આકાર પામી હતી તેને સિંધુ તટની સાંસ્કૃતિક કહેવાય છે. પ્રાચીન ઈજિપ્ત અને મેસોપોટેમિયાના સમયની સાથે પણ પોતાની આગવી ટેકનોલોજિકલ પરંપરા ધરાવતી આ સંસ્કૃતિ પૂર્વમાં બલૂચિસ્તાની આજના દિલ્હી સુધી પ્રસરેલી હતી. હડપ્પા મોહેં -જો-દડો (જે હાલમાં પાકિસ્તાનમાં) છે. લોથલ વગેરે શહેરો આ સંસ્કૃતિના છે અને આજે પણ અચરજ પમાડે છે. કચ્છમાં ખડીર પાસે આવેલું ધોળાવીર આ સિંધુ તટની સંસ્કૃતિનું એક સુંદર ઉદાહરણ છે.

આ સિંધુ તટની સંસ્કૃતિનો વ્યાપ યાંચ હજાર વર્ષો પૂર્વે આજના પશ્ચિમ પુરોપ કરતાંય વધારે હતો. સુયોજિત નગરરચના અને વિકસિત ટેકનોલોજીથી બનેલું ધોળાવીર રણમાં એક રણોદ્રીપ હતું. આખા ધોળાવીરામાં તળાવો, કૂવો અને પાણીની ટાંકીઓ ઉપલબ્ધ હતી અને એથી જ પુરાતત્વવિદો માને છે કે પાંચ હજાર વર્ષો પહેલાનું ધોળાવીરા જાણે એક તળાવોની નગરી હશે. પાંચ હજાર વર્ષો પૂર્વે કચ્છના રણમાં આ ધોળાવીરાના લોકોએ જે પ્રકારે સુંદર જીવન જીવવાની કળા કેળવી તે આજ સુધી આંબી શકાઈ નથી. દિલ્હીની સંસ્થા ‘સેન્ટર ફોન સાયન્સ એન્ડ એન્વાયમેન્ટ’ તો એવું માને છે કે ધોળાવીર આજના પાણીની તંગી અનુભવતા પ્રદેશો માટે એક ઉત્તમ પદાર્થપાઠ છે.

દુનિયાની પ્રથમ બે સંસ્કૃતિઓ, ઈજિપ્ત એન મેસોપોટેમિયા પછી ધોળાવીર એટલે કે સિંધુ તટની સંસ્કૃતિ (હડપ્પાની સંસ્કૃતિ) એત્રીજી જૂનામાં જૂની સંસ્કૃતિ છે. આ સિંધુ તટ સાંસ્કૃતિક વિષે બહુ માહિતી આજે પણ ઉપલબ્ધ નથી. આ સિંધુ તટની સંસ્કૃતિના લોકો કોણ હતા, તેમની વિચારધારાઓ શું હતી અને એ કેવા પ્રકારનો સમાજ હતો તેના વિષે ખૂબ ઓછી જાણ આપણને

છે. પરંતુ આ સિંધુ તટની સાંસ્કૃતિના શહેરોના ખંડેરો અને તેમાંથી મળેલી વસ્તુઓ પરથી તાગ મળે છે કે આ સંસ્કૃતિ ખૂ બજ વિકસિત અને ભવ્ય સંસ્કૃતિ હતી. આર્થિક પ્રવૃત્તિઓ અને સામાજીક રીતે ખૂબ સુયોજિત એવી આ સંસ્કૃતિના ટેકનોલોજીના ઉપયોગ વિસ્મયકારક છે. ૧૯૨૧ માંહડપ્પા અને ૧૯૨૨ માં મોહે-જો-દડોની શોધ બાદ આ સંસ્કૃતિએ દુનિયાને આશ્ચર્યમાં નાખી દીધી હતી. આ સંસ્કૃતિના દરેક શહેરમાં એક પેલેસ (મહેલ) નો વિસ્તાર રહેતો અને બીજો નગરનો વિસ્તાર રહેતો અને આ પ્રકારનું નગર આયોજન સેંકડો માઈલ જુદાં એવાં શહેરોમાં દેખાય છે. શેરીઓ અને રસ્તાઓ હંમેશા ઉત્તર - દક્ષિણમાં બનાવાયેલા હતા અને એમની પહોળાઈ આશરે ૯ મીટર રહેતી. નાની શેરીઓની પહોળાઈ લગભગ ૧.૫ થી ૨ મીટર જેટલી રહેતી.

ઈંટો દ્વારા બનાવાયેલા આ સંસ્કૃતિના મહેલો અને મકાનોમાં પણ એક સાતત્ય જોવા મળે છે. આ સંસ્કૃતિના શહેરોમાં વિકસિત અને વેપારમાં ગળાડૂબ પ્રજાના અવશેષો પણ મળ્યા છે. આ સિંધુ તટની સંસ્કૃતિના શેહરોનો વેપાર મેસોપોટેમિયા સાથે દરિયા માર્ગે થતો. આ વેપાર મુખ્યત્વે હાથીદાંત, મોતી અને મણકાના દાગીનાનો હતો એમ માનવામાં આવે છે. ૧૨ લાખ ચોરસ કિલોમીટરમાં પ્રસરેલી આ સિંધુ નતટની સંસ્કૃતિના શહેર જાણે કે એક સુનિયોજિત ડિઝાઈનમાંથી બનેલા છે.

**પેન્સિલવેનિયા યુનિવર્સિટી મ્યુઝીયમના ગ્રેગરી પોસહલ કે છે કે “ધોળાવીર પહેલેથી બનેલા પ્લાન પર વસાવાયેલું શહેર છે. આજના આધુનિક શહેરોની જેમ જ ધોળાવીર વિષે વિચાર થયા બાદ તેની બાંધણી કરવામાં આવી હતી. મોહેં -જો - દડોની બાંધણી પણ આ જ રીતે થઈ હતી.”**

હડપ્પા સંસ્કૃતિના બીજા શહેરોની જેમ જ ધોળાવીરા પણ એક સમાંતરબાજુ ચતુષ્કોણ છે. આ ચતુષ્કોણની આસપાસ એક દિવાલ છે. મુખ્ય મકાન કે જેને સિટાડેલ (નગર-દુર્ગ) કહેવાય. તેની પાયાની દિવાલ ૧૮ મીટર જાડી છે. તેની નજીકમાં લોકોને ભગા થવાનું સ્થળ છે. જે ૩૦૦ મીટર લાંબુ

અને ૫૦ મીટર પહોળું છે. પુરાતત્વવિદો માને છે કે આ એક સ્ટેડિયમ હોઈ શકે કે જયાં કયારેક બજાર પણ ભરાતું હોય.

આ સ્ટેડિયમની આગળ બીજા મકાનો છે અને તે હજુ પણ સારી સ્થિતિમાં છે. આ મકાનોમાંથી લાપીઝ લાઝુલી, ચાંદી, સોનું એક છીપમાંથી બનેલા ઘરેણાં, માટીના વાસણો, આખલા અને અન્ય પ્રાણીઓના ચિત્રોવાળા વજનિયા અને રમકડા મળ્યા છે. અહીંથી ૧૦ ચિહનો ધરાવતું "સાઈનબોર્ડ" (નામનું પાટીયું) મળ્યું છે કે જે દુનિયાના જૂનામાં જૂનું સાઈનબોર્ડ છે ૩૭ સે.મી. લંબાઈ અને ૨૫ થી૨૭ સે.મી. પહોળાઈનું છે. પરંતુ સિંધુ તટની સંસ્કૃતિના બીજા શહેરો કરતાં ધોળાવીરા કંઈક રીતે જંદુંછે. ઉદાહરણ તરીકે અહીંની કબરોમાં માણસોના મોઢા ઉત્તર દિશામાં નહી પરંતુ ગમે તે દિશામાં છે. **સામાન્ત : હડપ્પા સંસ્કૃતિના શહેરોની કબરોના માણસોના મોઢાં ઉત્તર દિશામાં નહી** પરંતુ તે ગમે તે દિશામાં છે. સામાન્યતઃ હડપ્પા સંસ્કૃતિના શહેરોની કબરોના માણસોના મોઢાં ઉત્તર દિશામાં જોવા મળે છે. કચ્છના રણમાં કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના ગામ ધોળાવીરાની રચના ચોમાસામાં ભરાઈ જતાં બે નાળાની વચ્ચે થઈ હતી. આજેય ચોમાસામાં આ નાળા દેખાય છે. આ બે નાળા માનસર અને માનહરના પાણીને ચોમાસામાં ભરીને આખા વર્ષ દરમ્યાન ધોળાવીરામાં વાપરવામાં આવતું. આમ, પાણીની તંગીવાળા રણપ્રદેશમાં ધોળાવીરાના રહીશોએ પાણી બચાવાની અને ઉપયોગમાં લેવાની અદભૂત ગોઠવણી કરી હતી. એક મોટા તળાવની બાંધણી સુંદર છે. ૪.૨૫ મીટર વ્યાસવાળો કૂવો અને બીજા નાના અને મોટા જળાશયો ધોળાવીરની એન્જીનીયરીંગ શકિતનો પરચો આપે છે.

પાંચ હજાર વર્ષો પૂર્વેથી શરૂ થઈને લગભગ ત્રણ હજર વર્ષો પૂર્વે અસ્ત પામનાર આ ભવ્ય સંસ્કૃતિની લિપિ હજુ પણ સમજાઈ નથી. પરંતુ પહેલા મનાતું હતું કે હિંદ કુશમાંથી આવેલ લોકોએ હડપ્પા સંસ્કૃતિનો નાશ કર્યા હશે. જો કે તે માન્યતા હવે ચલણમાં નથી રહી. હવે વિજ્ઞાનીઓ અને પુરાતત્વવિદો એમ માને છે કે આ ભવ્ય સંસ્કૃતિનો અંત પૂર અથવા મોટો વિનાશક ભૂંકપે

આણ્યો હશે, પણ હજુ આ મહાન સંસ્કૃતિની આજની દુનિયાને આશ્ચર્ય પમાડવાની શક્તિ જરાય ઓછી થઈ નથી.

⇨ **જળાશય :**

સ્નાન અને શુદ્ધીકરણ સિંધુ ખીણના લોકો માટે જ મહત્વ ધરાવતું હતું.[૪] જળમાર્ગ ૨૪ મીટર લાંબો અને ૭૦ મિટર પહોળું છે. ૧૨.૮૦ મીટર લાંબુ જળાશય મળી આવેલ છે. વરસાદનું પાણી સંગ્રહ કરવામાં આવતું હશે.[૫] આથી આ સંસ્કૃતિમાં સ્નાનાગાર અને જળાશયની વિશેષ મહત્તા હતી. ૫૦ હેક્ટરના વિસ્તારવાળા ધોળાવીરનો આશરે ૧/૩ ભાગ પાણીના સંચય અને વિતરણ માટે હતો. સિંધુ ખીણ સંસ્કૃતિમાં બાંધકામ માટે પાકી ઈંટોનો બહોળો ઉપયોગ થતો હતો.આ એમની પરિપક્વ સ્થાપત્યકાળા હતી, જેથી ઈંટોના બનેલા પગથિયા પાંચ હજાર વર્ષ પછી આજે પણ જોવા મળે છે. આ ઈંટોનું પરિમાણ એકસરખું હતું.

⇨ **દુર્ગ :**

સિંધુ ખીણના લગભગ બધા જ નગરોની ગોઠવણી એક સરખી હતી. પુરાતત્વવિદો અનુસાર ઉત્ખન્ન જોયા પછી એવું લાગે છે કે એ સમયે ‘કોઈક’ની પાસે તમામ નગરો માટે નગર આયોજનનો એક ‘માસ્તર’ પ્લાન ’ હતો. ધોળાવીરને એક ઢોળાવ પર વસાવવામાં આવ્યું હતું. સૌથી પહેલા દુર્ગ હતો, તેનાથી સહેજ નીચે ઉતરતા નગરનો મધ્યભાગ આવતો અને પછી નગરનો નીચાણવાળો ભાગ આવતો અને આ બધુ પાણીના બે પ્રવાહ વચ્ચે હતું.[૬]

⇨ **લાકડામાં કોતરકામ કરેલી વિશિષ્ટ સંજ્ઞાઓ :**

આ કદાચ શહેરનું કે શાસકનું નામ હોઈ શકે છે. જો કે વિદ્વાનો સિંધુ નટની સંસ્કૃતિની આ લિપિ હજુ ઉકેલી શકયા નથી. જ્યારે કોઈ દ્વિભાષીય લખાણ કયાંકથી મળે ત્યારે તેની સરખાણીના આ લિપિ સાથે કરી શકાય અને તે પછી જ લિપિને ઉકેલી શકાશે. એ વખતની ભાષામાં મોટા ભાગે સાત પ્રતીકોનો ઉપયોગ થતો હતો. લાકડાના પાતળા થાંભલા પર ચરબીનું પડ

લગાવી અને રાત્રે સમયે તેને પરાવવામાં આવતું હશે તેવા પુરાવાઓ પ્રાપ્ત થયા છે. આ બાબત એ સ્પષ્ટ કરે છે કે આ શહેરો આધુનિક કામે મ્યુનીસીપાલીટી જેથી સ્થાનિક સ્વરાજ્યી સંસ્થાનો અનુરૂપ કાર્ય કરતા હશે. ધોળાવીરામાં મળી આપેલ લિપીના વર્ણ ઘણા મોટા છે જે ૩૭ સેન્ટીમીટર લાંબા અને ૨૭ સેન્ટિમીટર પહોળા છે.[૭]

## :: પાદનોંધ ::


૧. શાહ આર.સી. "ગુજરાતનો સાંસ્કૃતિક વારસો" પોપ્યુલર પ્રકાશન, સુરત, અધ્યતન આવૃત્તિ, ૨૦૦૭-૦૮ પેજ. ૩૬-૩૭

૨. નિયામકઃ એમ.કે. પટેલ, "ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ ઈતિહાસ ધોરણ-૧૧" પેજ. ૨૫

૩. પૂર્વોક્ત શાહ આર.સી. પેજ. ૩૮.

૪. મકવાણા રીતેશ "ગુજરાતની પ્રાગ અને આદ્ય-ઐતિહાસિક સંસ્કૃતિઓ" અક્ષર પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ- ૨૦૧૩, પેજ નં. ૫૦-૫૪

૫. અગ્નિહોત્રી વી.કે. "ભારતીય ઈતિહાસ", પેજ નં. ૯

૬. પૂર્વોક્ત શાહ, આર.સી. પેજ નં. ૩૯

૭. ગઢવી જનક "યુ.જી.સી. નેટ, જી-સ્લેટ ઈતિહાસ" યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦, પૃ. ૩૬.